# ગાંધીનગર પડતર પ્રશ્નોના સાંસદ પાસે ઉકેલ માંગે છે

*ગાંધીનગર, તા.૮*
*ગાંધીનગરના નવા સાંસદ કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા નગરના પ્રશ્નોને ન્યાય આપશે તેવી આશા નગરજનોમાં પ્રબળ બની છે. લોકસભાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી પણ ગાંધીનગરના સંસદીય વિસ્તારમાં સંતોષકારક કામગીરી ન થતી હોવાનું સ્પષ્ટ કરે છે. જયારે કોર્પોરશન પણ સરકાર દ્વારા ફાળવવામાં આવતા યોગ્ય બજેટનો ઉપયોગ કરી શકતું નથી. ગાંધીનગરનો રેલવે સ્ટેશન દાયકાના અંતે પણ ધમધમતું થયું નથી. મેટ્રો ટ્રેનના પ્રોજેકટનું પણ હજુ ઠેકાણું પડયું નથી એટલું જ નહિ પરંતુ દૂરસંચાર સેવાના મામલે પણ હજુ સ્થાનિકોને પૂરતી કનેકટીવીટી મળતી નથી. આ સઘળા પ્રશ્નોને ઉકેલવા માટે નવા સાંસદે સજ્જ રહેવું પડશે.*



ગાંધીનગરમાં અપક્ષ ઉમેદવારો ઉભા કેમ થયા તેનું કારણ રાજકીય પક્ષોએ શોધવાની જરુર છે. રાજકીય પક્ષો સંતોષકારક કામ કરતા નથી એટલે અપક્ષ ઉમેદવારો ઉભા થાય છે તો રાજકીય પક્ષોએ કામ કરવું જોઈએ અને ગાંધીનગરના પાયાના પ્રશ્નો ઉકેલવા માટે મન બનાવવાની જરુરીયાત ઉભી થઈ છે. જો હવે રાજકીય પક્ષો કામ નહીં કરે તો લોકો એનો મિજાજ બતાવશે એટલે પાયાના પ્રશ્નો પકડીને ઉકેલની દિશા પકડવાનો સમય પાકી ગયો છે. મહાનગરપાલિકા જેની જરૂર ન હતી છતાં ઉભી કરી અને લોકો પર કરભાર વધાર્યો પરિણામે રાજકીય અખાડો બની ગયેલ આ સંસ્થા હાલમાં બિનઉપયોગી અને ભારત સરકારમાંથી આવતા બજેટને વાપર્યા વગર સત્તા વિહોણી સંસ્થા બની ગઈ છે. તેને પણ યોગ્ય સંકલન કરી નગરપાલિકાના કામો હાથ ધરવા જોઈએ આવા અનેક પ્રશ્નો સ્થાનિક અને ભારત સરકારના છે તેને ઉકેલવા માટે આવનાર દિવસોમાં ચૂંટાવનાર સાંસદ માટે તૈયાર રહેવું પડશે.

**● અરૂણ બુચ**



ભાજપ સરકારે યુવાનોની રોજગારી વિશે વિશેષ ધ્યાન નથી આપ્યું. કેપિટલ ગાંધીનગરની ઓળખાણ હતી તે પણ હવે નથી રહી. બાગ-બગીચા સુકાઈ ગયા છે. દરેક સેકટરોમાં પીવાનું પાણી બહેનોને મળતુ નથી. સીનીયર સિટિઝન માટે કોઈ સગવડ નથી. ગાંધીનગરમાં સૌથી વધુ સરકારી પરીક્ષાની તૈયારી કરતા બાળકો છે અને સરકાર વાંચનાલય ચલાવતી નથી અને પ્રાઈવેટ વાંચનાલયો ચાલે છે. જાહેર શૌચાલયોની વ્યવસ્થા નથી. ગાંધીનગરમાં વસ્તી વધી છે પરંતુ પોલિસ સ્ટાફ નથી વધ્યો. ગ્રીનસીટીનો દરજ્જો ગુમાવી પ્રજાને મતનું માધ્યમ રાખ્યું અને સુખાકારીમાં ધ્યાન આપ્યુ નથી. સરકારી શાળાઓનું પ્રાઈવેટીકરણ કરી નાંખ્યું છે. કોંગ્રેસનું સપનું એ ભાજપના શાસનમાં વિકૃત થઈ ગયું. ગાંધીનગર માત્ર મતનો અખાડો બની ગયું અને ભાજપે ગાંધીનગરનું દુશ્મન હોય તેવું વર્તન કર્યું છે.

**● હિમાંશુભાઈ પટેલ**

ગાંધીનગરના છેલ્લા કોંગ્રેસના સાંસદ સ્વર્ગીય જી.આઈ. પટેલ હતા હવે ત્યારના અનુભવ અહીંના મતદારો અને નાગરિકોને હશે. ચાહે કોઈ આયોજન પંચની મિટીંગ હોય અને કોઈ સરકારી મઠાગણ હોય, નાનામાં નાના વિકાસની વાત, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ યોજનાની વાત, ગામમાં રસ્તાની વાત હોય કે કોઈ પરિવારને અંગત તકલીફ થઈ હોય તો જી.આઈ. પટેલ એમના ઘર સુધી પહોંચવાની માનસિકતા રાખતા હતા. ત્યાર પછી ઘટનાક્રમે ભાજપે તેમના રાષ્ટ્રીય નેતાને અહીં ઉતાર્યા અને અહીંની પ્રજાએ તેમને ખોબે ખોબે મત આપ્યા અને પરિસ્થિતિનું જે નિર્માણ થયું કે આવી કોઈ આયોજન પંચની મીટીંગમાં લોકલ પ્રશ્ન માટે તેમના સાંસદ ઉપસ્થિત રહ્યા હોય તો તેમણે તે પ્રશ્નની વાત દિલ્હી સાંસદમાં પણ કરી જ હોય. મને યાદ છે કે ૨૦૦૨માં અક્ષરધામ બ્લાસ્ટ વખતે જયારે ગાંધીનગરમાં એમ્બ્યુલન્સની પણ તકલીફ હતી ત્યારે સાંસદ અહેમદભાઈ પટેલની ગ્રાટમાંથી ગાંધીનગરની જુનિયર સિટિઝન સંસ્થાને એમ્બ્યુલન્સ આપવામાં આવી હતી. અહીંના જાગૃત સાંસદને એ રાષ્ટ્રીય નેતાને સમજ ન હતી કે એના મત વિસ્તારમાં શું શું તકલીફ હોય છે છેલ્લા ૫-૧૦ વર્ષથી તો એમના પક્ષના રાજકારણના લીધે ગાંધીનગરને ઘણું ભોગવવું પડયું છે જો રાષ્ટ્રીય નેતાના મત વિસ્તારમાં આ પરિસ્થિતિ હોય તે એક દુઃખદ ઘટના કહેવાય કે જે સાંસદ દેશના ડેપ્યુટી પીએમ બન્યા હોય અને છેલ્લા પાંચ વર્ષમાં તો ભાજપાની સરકાર હોવા છતાં તે અહીંની પ્રજા વિસ્તારને કશું જ આપી નથી શકયા આનાથી વિશેષ દુઃખદ ઘટના ન હોઈ શકે અમારી લાગણી માંગણી એવી છે કે ગાંધીનગરના જાગૃત ધારાસભ્ય છે એને વિજયી બનાવો અને આ રાષ્ટ્રીય નેતાની આભામંડળમાં આવ્યા વગર આવા સ્થાનિક નેતા જે આપણી વચ્ચે રહી શકે અને આપણી વાતને આભા આપી શકે જો તેને મત આપશો તો મને લાગે છેકે આ વિસ્તારની રૂપરેખામાં ફરક આવશે અને વિકાસને ગતિ પણ મળશે.



ગાંધીનગરનું આયોજન કોંગ્રેસના શાસનમાં થયું હતું. દરેક સેકટરને એક ગામ તરીકેની જરુરી વસ્તુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક શોપીંગ સેન્ટર હોય, એક પ્રાથમિક શાળા, એક માધ્યમિક શાળા હોય, મોટું સેકટર હોય તો એક દવાખાનું હોય, રંગમંચ હોય, ઈન્કવાયરી (સુવિધા કચેરી) હોય દિવસે દિવસે અલગ અલગ જરુરિયાત ઉભી થતી હોય છે. એમાં અમુક બગીચામાં જુઓ તો તમને થાય કે ગાયને પણ ચરવા માટે ઘાસ નથી બગીચાની ફેન્સીંગ પણ તુટી ગઈ છે જે આથી ૫૦-૬૦ વર્ષ પહેલા મકાનો બન્યા હતા તેને દુરસ્ત કરી નવા બનાવવાની જરૂર છે. સમયના અંતે આ બધું જ કરવાનું જ હોય છે એટલે જે કર્યું હતું તેને મેઈન્ટેન નથી કરી શકયા અને નવાનું એમની પાસે વિઝન નથી. દવાખાના બંધ હાલતમાં છે. સરકારી શાળા એમને પ્રાઈવેટને આપી દેવી પડે છે કારણ કે ગ્રાન્ટવાળી શાળા હતી તેમાં અમુક શિક્ષકોની સમયના અંતે ભરતી કરવાની હોય તે ન કરી તેમણે શિક્ષણને ધંધો બનાવવાની વિકૃત માનસિકતા હતી એના કારણે આ બધા પ્રશ્નો ઉભા થયા હતા અને આ બધામાં તેમણ ધ્યાન નથી આપ્યું ચાહે સાંસદ હોય કે રાજય સરકાર હોય તે પક્ષના સભ્યોએ કોઈ ધ્યાન આપ્યું નથી. આ પરિસ્થિતિના લીધે આટલી તકલીફો ઉભી થઈ છે.

**● નિશીત વ્યાસ**

### ગાંધીનગરના પડતર પ્રશ્નો

- મેટ્રો ટ્રેનનો પ્રશ્ન
- નેશનલ હાઈ-વે
- પોસ્ટ ઓફિસ માટે દરેક સેકટરમાં અપાયેલ જમીન અંગે
- રેલ્વેનો પ્રશ્ન
- મંજૂર થયેલા ૩૨ ટાવર અંગે ન લેવાયેલ પગલા
- બીએસએનએલને ગુજરાત સરકાર દ્વારા જમીન અપાતી ન હોવાથી પડતી તકલીફ




ઘ-૩ અને ચ-૩ સર્કલની બંને તરફ ગટરલાઈન તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. ઘ-૩ સર્કલે બેરીકેટ દ્વારા તુટેલી ગટર લાઈનને ઢાંકવાનો પ્રયાસ કરાયો છે. જો કે ચ-૩ સર્કલે ગટર ખુલ્લી રહી જતાં અકસ્માત સર્જાવાનો ભય રહે છે.

## પ્રમાણિકતાને સલામ... ભરતભાઈને સલામ...

ગાંધીનગર, તા. ૮
આજકાલ ચોકીદારને લઈ વાતોનો માહોલ જામતો જાય છે પણ બસમાં મુસાફરી કરી રહેલા બે સરકારી કર્મીઓની આ વાત છે.

આણંદથી વિસનગર જતી બસમાં ગાંધીનગર વિધાનસભાના ડે.એસ.ઓ. તરીકે ફરજો બજાવતા જયેશભાઈનું પર્સ ખિસ્સામાંથી નીકળી ગયુ અને બસમાં પડી ગયુ હતુ.

ગાંધીનગર આવતાં તેઓ તેમના બસસ્ટેન્ડ પર ઉતરી ગયા પરંતુ કૃષિ યુનિ.ના સંશોધન કેન્દ્રમાં ફરજો બજાવતા ડૉ. ભરતભાઈ ઠક્કર પથિકાશ્રમ ઉતરવા જતા હતા ત્યાં તેમની નજર બસની સીટ નીચે પડેલા પર્સ પર જતાં તેમણે તે લઈ કંડકટરને સોંપ્યુ હતુ.

આ પછી કંડક્ટર અને ભરતભાઈ ડેપોમાં મળેલ વસ્તુ જમા કરાવવા જતા હતા ત્યાં જ પથિકાશ્રમ ડેપો પર જયેશભાઈ આવ્યા અને કંડકટરને વાત કરી કે મારૂ પર્સ પડી ગયુ છે બસમાં મલ્યુ છે ખરૂ ? પ્રાથમિક પુછપરછ અને નિશાની મળતી આવતાં આ પર્સ તેમને પરત કરવામાં આવ્યું હતું.

ભરતભાઈ ઠક્કરની સમયસૂચકતાથી જયેશભાઈને આર્થિક નુકશાન થતુ બચાવી લીધુ છે એટલુ જ નહિ પ્રમાણિકતાનું અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. સલામ છે ભરતભાઈને...

## દંતાલી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર તાલુકાના અડાલજ પાસે આવેલ દંતાલી ગામની સીમમાં રેલ્વે બ્રીજ નજીક નર્મદા કેનાલમાં એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. રવિવારના રોજ કેનાલમાં મૃતદેહ તરતો દેખાતા પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહને બહાર કઢાવી પોસ્ટમાર્ટમ ખાતે મોકલી આપ્યો હતો. ત્યારબાદ અડાલજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રતનલાલે આ બીનવારસી મૃતદેહના વાલી વારસોની શોધખોળ આદરી છે. અંદાજીત ૩૭ વર્ષના પાતળા બાધાનો રુરૂષ રંગે ઘઉંવર્ણો છે. તેના પેટની ઉપર જમણી બાજુએ કાળો તલ છે. અંદાજીત ૫.૫ ફુટની ઉંચાઈ ધરાવતા પુરૂષે શરીરે સફેદ કલરનું કાળી લાઈનીંગવાળો શર્ટ તથા છીંકણી કલરનું પેન્ટ પહેર્યું છે.

## દેશી દારૂની ખેપ મારતો ઈસમ ઝડપાયો



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામથી મોટા જલુન્દ્રા ગામ તરફ જતી નર્મદા કેનાલના પુલ ઉપરથી દેશી દારૂની ઈટર્નો સ્કૂટર નં. જીજે.૦૧.એપી.૨૬૭૬ પર ખેપ મારતા દશરથસિંહ દિપસિંહ ચૌહાણ રહે. મોટી મોરાલી તા. દહેગામ, જી. ગાંધીનગરવાળાને મહક સિલ્વર પાન મસાલાના થેલામાં દેશી દારૂ લીટર-૪૮ કિ. રૂ. ૯૬૦ તથા ઈટર્નો સ્કૂટર કિ. રૂ. ૧૫ હજાર મળી કુલ રૂ. ૧૫,૯૬૦નો મુદ્દામાલ કબ્જે કરી ગાંધીનગર એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બ્રહ્માકુમારી દ્વારા ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૮
બ્રહ્માકુમારી દ્વારા અમદાવાદ નજીક ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે. આ સેન્ટરની મુલાકાતે આદરણી જાનકી દાદી પધાર્યા હતા અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

પૂ. જાનકી દાદીજીના વરદહસ્તે પિરામીડ ટાઈપના 'બાબાના ભવ્ય હોલ'નું ખાતમુહૂર્ત સંપન્ન થયુ હતુ. સાથોસાથ ટેકસાસ યુએસએના બ્રહ્માકુમારી ડૉ. હંસાબેન રાવલના નવનિર્મિત વીલાની તમામ મંગળવિધિઓ પૂ. દાદીજીના હસ્તે સંપન્ન થઈ. આ ઉપરાંત અન્ય કાર્યક્રમો પણ ઉલ્લાસભેર યોજાયા હતા. આ અવસરે પૂ. જાનકી દાદીજીએ આશિર્વચન પાઠવ્યા હતા. પૂ. દાદીજી સાથે મીઠી હંસાબેન, ટેકસાસના ડૉ. હંસાબેન રાવલ, માર્કભાઈ, ગુજરાત ઝોનના સરલાદીદી, બ્ર.કુ.ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. વિનુભાઈ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ઉષાબેન અને બ્ર.કુ. અમરબેન ઉપસ્થિત રહ્યા હતા. કુમારી ડૉ. દામિનીએ સ્વાગત ગીત પ્રસ્તુત કર્યુ હતુ. કુ. વિશ્વંભરાએ નૃત્ય પ્રસ્તુત કર્યુ હતુ.



### નિઃશુલ્ક મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર અને લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મુ. કણભા તાલુકા દસક્રોઈ ખાતે મેગા નિઃશુલ્ક નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું. કેમ્પમાં દર્દીની આંખની વિનામૂલ્યે સંપૂર્ણ તપાસ તથા મોતીયાના દર્દીઓને વિના મૂલ્યે નેત્રમણી મુકી આપવામાં આવ્યા હતા. કેમ્પમાં કુલ ૪૦૦ જેટલા ગ્રામજનોએ ભાગ લીધો હતો. જેમાં ૭૪ ગ્રામજનોએ વિનામૂલ્યે મોતીયાનુ ઓપરેશન કરી આપવામાં આવ્યુ હતુ તથા ૨૮૦ ગ્રામજનોને વિના મુલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન રામજી મંદિરના મહંત પરશુરામદાસજીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. કેમ્પના જૈન સોશ્યલ ગ્રુપના મુધુસુદન વોરા, હિતેષ કોઠારી, કૌશિક શાહ, વી.બી. શાહ, ભરત કોટડીયા, પ્રશાંત મહેતા, નિલેશ શાહ, નિરજ દોશી, નીતિન સંઘવી તેમજ લાયન્સ કલબના પિયુષ શાહ, જયંતિભાઈ પ્રજાપતિ, નટુભાઈ સોલંકી, મોહનભાઈ પરમાર, રઘુસિંહ ગોસ, હરીભાઈ સોલંકીએ હાજર રહી કેમ્પમાં સેવાઓ આપી હતી.

## ગાંધીનગર પોલીસે એક મહિનામાં ૯૪ લાખનો વિદેશી દારુ પકડ્યો

**૫૪૪ બુટલેગરો સહિત ચાર હજારથી વધુ શખ્સોના અટકાયતી પગલા લેવાયા : ૪ હથીયાર અને ૪૧ કાર્ટીઝ જપ્ત કરાયા : ૧૫ હજાર લીટરથી વધુ દેશી દારુ પકડાયો**

ગાંધીનગર, તા.૮
લોકસભાની ચુંટણીને પગલે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ચુકી છે ત્યારે ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે હેતુસર જિલ્લા પોલીસ સક્રિય થઈ છે. ઠેર-ઠેર પોલીસ દ્વારા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યા છે તો બીજીતરફ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં ફલેગમાર્ચ પણ કરવામાં આવી રહી છે. આચારસંહિતા લાગુ થઈ ત્યારથી એટલે કે તા.૧૦ માર્ચથી તા.૮ એપ્રિલ સુધીમાં એક મહિનાના સમયગાળામાં ગાંધીનગર પોલીસે અધધધ રૂ.૯૪ લાખથી વધુ કિંમતનો વિદેશી દારુ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે એટલુ જ નહી જિલ્લાના ૫૪૪ બુટલેગરો સામે પ્રોહિબેશન એકટ હેઠળ અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. તે ઉપરાંત તકેદારીના ભાગરુપે ૩૭૯૫ શખ્સો સામે સીઆરપીસી એકટ હેઠળ અટકાયતી પગલા લેવાયા છે.

ત્યારે મળતી માહિતી મુજબ ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પર આગામી તા.૨૩ એપ્રિલના રોજ મતદાન થવાનું છે. તા.૧૦ માર્ચના રોજ લોકસભા ચુંટણીનું વિધિવત જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારથી જ આદર્શ આચાર સંહિતા પણ લાગુ થઈ ગઈ હતી. જેને પગલે જિલ્લા પોલીસ દ્વારા પણ સઘન રીતે ચુંટણીલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે માહિતી આપતા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જણાવ્યું હતું કે જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તે માટે પોલીસે તા.૧૦ માર્ચથી કમરકસી છે. જિલ્લાના ૨૩ નાકા પોઈન્ટપર સતત વાહન ચેંકીગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે પોલીસ દ્વારા પ્રોહીબેશનને લગતી પ્રવૃતિઓને ડામીને ગુનેગારો સામે પણ અટકાયતી પગલા લેવાયા છે.તા.૨૩ એપ્રિલે જિલ્લામાં મતદાન થવાનુ છે. ત્યા સુધી જિલ્લાની પોલીસ એલર્ટ મોડ પર છે અને જિલ્લામાં કયાંય પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત કામગીરી કરી રહી છે અને જવાનો ખડેપગે ફરજ નીભાવી રહ્યા છે.

**રાજયમાં યોજાયેલ છેલ્લી ત્રણેય લોકસભા સામાન્ય ચૂંટણીમાં**

## ગાંધીનગર સંસદીય મત વિસ્તાર મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ બીજા ક્રમે

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં વર્ષ- ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪ની લોકસભા સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ વર્ષ- ૨૦૦૪માં ૨૧,૨૬,૮૨૯ મતદારો હતા. તેમજ સૌથી ઓછું મતદાન પણ આજ વર્ષ એટલે વર્ષ- ૨૦૦૪ની લોકસભા સામાન્ય ચૂંટણીમાં થયું હતું. ત્યારબાદ ક્રમશ મતદાન કરવાની ટકાવારીમાં વધારો થયો છે. મતદારોની સંખ્યા વર્ષ- ૨૦૦૪ કરતાં વર્ષ- ૨૦૦૯ અને ૨૦૧૪ની લોકસભા સામાન્ય ચૂંટણીમાં ઓછી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લી ત્રણ લોકસભા સામાન્ય ચુંટણીમાં મતદારોની સંખ્યાની દ્દષ્ટિએ રાજયમાં સતત બીજા ક્રમે રહ્યો છે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં વર્ષ- ૨૦૦૪માં સરખેજ, સાબરમતી, એલેસબ્રિજ, દરિયાપુર-કાઝીપુર, શાહપુર, અસારવા અને ગાંધીનગરનો સમાવેશ થતો હતો. આ સંસદીય મત વિસ્તારમાં પુરૂષ મતદારો ૧૧,૦૧,૭૮૭ મતદારો અને મહિલા ૧૦,૨૫,૦૪૨ મતદારો મળી કુલ- ૨૧,૨૬,૮૨૯ મતદારો હતા. જે સમય સમગ્ર રાજયની સંસદીય મત વિસ્તારમાં બીજા ક્રમાંકે ગાંધીનગર સંસદીય મત વિસ્તાર મતદારની દ્દષ્ટિએ હતો. આ લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન ૩૯.૭૪ ટકા થયું હતું.

વર્ષ- ૨૦૦૯માં ગાંધીનગર સંસદીય મત વિસ્તારનું સીમાંકન બદલાયું હતું. જેમાં ગાંધીનગર (ઉ), કલોલ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, નારાયણપુરા અને સાબરમતી વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થયો હતો. તે સમયે પણ ગાંધીનગર સંસદીય મત વિસ્તાર રાજયમાં મતદારોની સંખ્યામાં નવસારી સંસદીય મત વિસ્તાર પછી રાજયમાં બીજા જ ક્રમે રહ્યો હતો. આ લોકસભા સામાન્ય ચૂંટણીમાં પુરૂષ મતદારો – ૭,૯૯,૬૬૪ અને સ્ત્રી મતદારો – ૭,૫૬,૦૪૫ મળી કુલ- ૧૫,૫૫,૭૦૯ મતદારો હતો. જેમાંથી ૫૫.૧૩ ટકા પુરૂષ અને ૪૬.૨૩ ટકા સ્ત્રી મતદારોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ચૂંટણીમાં વર્ષ- ૨૦૦૪ની લોકસભા કરતાં ૧૧.૦૬ ટકા મતદાનની ટકાવારીમાં વધારો થયો હતો એટલે કે ૫૦.૮૦ ટકા મતદાન થયું હતું.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં વર્ષ- ૨૦૦૯ ની લોકસભા સામાન્ય ચૂંટણીના સાત વિધાનસભા મતદાર વિભાગનો વર્ષ- ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સમાવેશ થતો હતો. વર્ષ- ૨૦૧૪માં પણ રાજયમાં મતદારોની દ્દષ્ટિએ બીજો ક્રમે જ ગાંધીનગર સંસદીય મત વિસ્તાર હતો. વર્ષ- ૨૦૧૪ની લોકસભા સામાન્ય ચુંટણીમાં ૯,૦,૦,૦૨૧ પુરુષ મતદારો અને સ્ત્રી મતદારો – ૮,૩૩,૦૩૮ મળી કુલ- ૧૭,૩૩૦૭૭ મતદારો હતો. જેમાંથી ૬૫.૧૦ ટકા મતદારોએ પોતાના મતદાન અધિકારનો ઉપયોગ કર્યો હતો.

આમ ગાંધીનગર સંસદીય મત વિસ્તાર મતદારોની દ્દષ્ટિએ છેલ્લી યોજાયેલ ત્રણ લોકસભા સામાન્ય ચુંટણીમાં સતત બીજા ક્રમે રહ્યો છે. ચૂંટણી પંચના સ્વીપ કાર્યક્રમ થકી મતદાન અંગેની જાગૃતિ આવતાં મતદાનમાં સતત વધારો થતો જોવા મળ્યો છે.



છત્રાલ ગામના સ્વ.અશોક પટેલના હત્યારાઓ દ્વારા ફરીયાદ પાછી ખેંચવા માટે સ્વ.અશોકભાઈના દિકરાને સતત ધમકી આપવામાં આવી રહી છે. જેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગાંધીનગર દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરાઈ હતી.

# પૂનમ માડમે બળદ ગાડામાં રોડ-શો કર્યો



ગાંધીનગર
લોકસભાની ચૂંટણી ઉમેદવારોને પસીનો પડાવી રહી છે. મથુરામાં હેમા માલિની ખેતરમાં પાક કાપે છે ત્યારે ગુજરાતમાં પૂનમ માડમ બળદ ગાડીમાં ચૂંટણી પ્રચાર કરે છે.

જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમ માડમ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે કાલાવડ તાલુકાના ખરેડી ગામે પૂનમ માડમ દ્વારા બળદગાડાનો અનોખો રોડ શો યોજવામાં આવ્યો હતો. જેમાં આસપાસના ગામોના સરપંચો, આગેવાનો અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

જામનગરના ભાજપના ઉમેદવાર પુનમ માડમ દ્વારા પ્રચારનો એક નવતર કીમિયો અપનાવવામાં આવ્યો હતો. સામાન્ય રીતે શહેરોમાં રોડ શોના આયોજન થતા હોય છે. પરંતુ પ્રથમ વખત એવું બન્યું કે, નાના ગામમાં પૂનમ માડમનો રોડ શો યોજવામાં આવ્યો અને એ પણ ભવ્ય કારમાં નહિ પરંતુ ગામડાની ઓળખ એવા બળદગાડામાં બેસીને પૂનમ માડમ મત માગતા હતા.

પુનમ માડમની સાથે બળદગાડામાં ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી આરસી ફળદુ જોડાયા હતા. જ્યારે ૨૫ હજારની વસ્તી ધરાવતા ખરેડી ગામમાં પૂનમ માડમનો બળદગાડા નો રોડ શો સમગ્ર ગામમાં ફરી વળ્યો હતો.

## ચૂંટણી વચ્ચે નોટબંધીઃ ADC બેન્કના કેસમાં રાહુલ ગાંધી અને સુરજેવાલ સામે સમન્સ

લોકસભાની ચૂંટણી વચ્ચે નોટબંધીનો ઈશ્યુ આવ્યો છે જેના કારણે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીની મુશ્કેલી વધી છે. અમદાવાદ ડિસ્ટ્રીક કોઓપરેટીવ બેન્કના માનહાનિ કેસમાં મેટ્રો કોર્ટે રાહુલ ગાંધીને સમન્સ મોકલ્યું છે.

આ સમન્સ માત્ર રાહુલ ગાંધી જ નહિ, કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાની સામે પણ મોકલવામાં આવ્યું છે. મેટ્રોકોર્ટના મેજિસ્ટ્રેટ એસકે ગઢવીએ બેન્કના કેસમાં બદનક્ષી થતી હોવાનું માન્યું છે. બંને સામે પ્રથમ દર્શનીય ગુનો- મેટ્રોકોર્ટને ધ્યાનમાં રાખીને આગામી ૨૭મી મેના રોજ મેટ્રોકોર્ટ સમક્ષ હાજર થવાનો હુકમ કર્યો છે. નોટબંધી વખતે જમા થયેલાં નાણા અંગે રાહુલ ગાંધીએ બેન્ક સામે આરોપ લગાવ્યા હતા.

નોટબંધી દરમિયાન કોંગ્રેસ પ્રવકતા સુરજેવાલાએ કહ્યું હતું કે એડીસી બેંકે પાંચ દિવસમાં ૭૪૫ કરોડ રૂપિયાની રોકડ બદલી હતી. સુરજેવાલાએ એવો દાવો પણ કર્યો હતો કે એડીસી બેન્કના ચેરમેન અજય પટેલ ભાજપ અધ્યક્ષ અમિત શાહની ખુબ નજીક છે. જે દિવસે સુરજેવાલાએ પ્રેસ કોન્ફરન્સ કરીને બેન્ક પર આરોપ લગાવ્યો હતો, એ દિવસે રાહુલ ગાંધીએ પણ ટ્વિટ કરીને અમિત શાહ પર હુમલો કર્યો હતો. રાહુલ ગાંધીએ લખ્યું હતું કે અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના નિદેશક, અમિત શાહજીને અભિનંદન આપની બેંકે જૂની નોટો બદલીને નવી કરવામાં બાજી મારી લીધી છે. પાંચ દિવસમાં ૭૫૦ કરોડની રોકડ બદલવામાં આવી છે.

રાહુલ ગાંધી અને સુરજેવાલાના નિવેદન બાદ અમદાવાદ જિલ્લા કો-ઓપરેટીવ (એડીસી) બેન્કના ચેરમેન અજય પટેલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટી પ્રવક્તા સુરજેવાલા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. બંને સામે એડીસી બેન્કની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના આરોપમાં અપરાધિક માનહાનિનો મામલો દાખલ કર્યો હતો. બેંકે કોર્ટમાં સીડી અને ટ્રાન્સક્રિપ્ટ રજૂ કરતા કહ્યું હતું કે, બંને કોંગ્રેસી નેતાઓ તરફથી આપવામાં આવેલા નિવેદનો ખોટા હતા, કારણ કે બેંકે આટલી મોટી રકમ બદલી નથી.